# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04/01/2026** **Morning : 7.00 to 7.10**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પાટીદાર સમાજનું સમાજોપયોગી અને ઔદ્યોગિક ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન.**
2. **કેન્દ્ર પુરસ્કૃત આરોગ્યલક્ષી 10 મુખ્ય યોજનાની મુખ્યમંત્રીએ સર્વગ્રાહી સમીક્ષા કરી.**
3. **ભાવનગરમાં દ્વિ-દિવસીય હેલ્થ એક્સ્પોનો પ્રારંભ.**
4. **અમદાવાદ ખાતેથી 'ડિજિટલ ફૂડ કરન્સી 'ના પાયલોટ પ્રોજેક્ટના પ્રૂફ ઑફ કોન્સેપ્ટનું લોન્ચિંગ.**
5. **જૂનાગઢમાં ગિરનાર પર્વત ઉપર 40મી રાજ્યકક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનો આરંભ.**
6. **પોરબંદરમાં 25મી રાષ્ટ્રિય કક્ષાની બે દિવસ તરણ સ્પર્ધામાં 16 રાજ્યના 900 સ્પર્ધકોએ ભાગ લીધો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# RAJSVI SANMAN PROGRAME

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત ખાતે જણાવ્યું કે, પાટીદાર સમાજનું સમાજોપયોગી અને ઔદ્યોગિક ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

સુરતની વિવિધ સંસ્થા અને સંગઠનોના સહયોગથી લેઉવા પાટીદાર સમિતિ- સુરત દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજસ્વી સન્માન સમારોહ ' યોજાયો હતો.

આ પ્રસંગે બોલતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , પટેલ સમાજ માત્ર એક સમુદાય નથી, પરંતુ પરિશ્રમ, પ્રમાણિકતા, સંઘર્ષ અને નેતૃત્વનું જીવંત પ્રતિક છે. એકતા અને સંગઠન પાટીદાર સમાજની સૌથી મોટી શક્તિ છે.

## (બાઈટ – ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , પાટીદાર સમાજ રાજ્ય અને દેશના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે આ પ્રસંગે કહ્યું , કે જળસંચયના ગુજરાત મોડલને સમગ્ર દેશે સ્વીકાર્યું છે ,જળસંચયના સૌથી વધુ કામો બનાસકાંઠા અને સૌરાષ્ટ્રમાં થયા છે.

---

# HEALTH MEETING

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અંતરિયાળ અને છેવાડાના ગ્રામ્ય વિસ્તારો તથા તાલુકાઓ સુધીની આરોગ્ય સુખાકારીની યોજનાઓની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી.

રાજ્યમાં રાજપીપળા, મોરબી, નવસારી, ગોધરા અને પોરબંદર એમ પાંચ મેડિકલ કોલેજ, હોસ્પિટલ્સ અને હોસ્ટેલ્સના નિર્માણ કાર્યો આ **2026**ના વર્ષના ડિસેમ્બર માસ સુધીમાં પૂર્ણ થઈ જશે. જેના પરિણામે અંતરિયાળ આદિવાસી વિસ્તારોના ગામો તથા સૌરાષ્ટ્રના દૂરદરાજના ગામોના લોકોને નજીકના સ્થળે જ વધુ સંગીન આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ મિશન અન્વયે રાજ્યમાં **410** અર્બન હેલ્થ સેન્ટર્સ, **33** જિલ્લાઓમાં આધુનિક લેબ્સ અને **32** જિલ્લામાં ક્રિટિકલ કેર બ્લોકસના નિર્માણની પ્રગતિની વિગતો મેળવીને આ કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા દિશાનિર્દેશો આપ્યા હતા.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં **302** સબ સેન્ટર્સ અને **23** પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનો પૂર્ણ થઈ ગયા છે તેની પણ જાણકારી આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવે આપી હતી.

---

# SIR JAMNAGAR

ભારતના ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત જામનગર જિલ્લાના તમામ મતદાન મથકો પર ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આજે પણ જિલ્લાના તમામ મતદાન મથકો ઉપર ખાસ સુધારણા ઝુંબેશ અંતર્ગત તમામ બી.એલ.ઓ. અને ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ ઉપસ્થિત રહેશે, તેમ જિલ્લા ચૂંટણી અધિકારી રિતેશ વાગડિયાએ જણાવ્યું હતું.

## (બાઈટ : રિતેશ વાગડીયા, ચૂંટણી અધિકારી)

---

# BHAVNAGAR EXPO

ભાવનગર જવાહર મેદાન ખાતે કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ દ્વિ-દિવસીય હેલ્થ એક્સ્પોનો પ્રારંભ કરાવ્યો હતો. ભાવનગર-બોટાદ ડિસ્ટ્રિક્ટ કેમિસ્ટ એસોસિયેશન દ્વારા એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, એક્સ્પો થકી નોલેજ શેરીગ થવાની સાથે નાગરિકોને સારી અને સસ્તી દવાઓ વિશે માર્ગદર્શન મળી રહેશે.

કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું કે, હેલ્થ એકસ્પો સમાજમાં સ્વસ્થ જીવનનો સંદેશ આપવાનું એક મજબૂત અભિયાન છે. આ એક્સ્પો દ્વારા લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિની સાથે સચોટ માહિતી પણ મળી રહેશે.

---

# MORBI FIRE STATION

મોરબી મહાનગરપાલિકા દ્વારા પાંચ  નવા ફાયર સ્ટેશનો બનાવવા મંજૂરી આપવામાં આવી છે. શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં ફાયર સ્ટેશન બનાવથી આગ જેવી ઘટનાઓને તાત્કાલિક અસરથી કાબૂમાં લેવાશે અને નુકશાની થતા પણ બચી શકાશે તેમ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નીલ ખરેએ જણાવ્યું હતું.

**(બાઈટ : સ્વપ્નીલ ખરે, મ્યુનિ. કમિશનર મોરબી)**

---

# FOOD PILOT PROJECT

ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા રાજ્યની જાહેર વિતરણ પ્રણાલીને વધુ આધુનિક અને ટેકનોલોજી સભર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે અમદાવાદમાં સાબરમતી ઝોનના રાણીપ ખાતે આવેલી સસ્તા અનાજની દુકાનથી 'ડિજિટલ ફૂડ કરન્સી' ના પાયલોટ પ્રોજેક્ટના પ્રૂફ ઑફ કોન્સેપ્ટનું સફળ લોન્ચિંગ કરાવ્યું હતું.

ભારત સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ( **RBI)**ના સહયોગથી આ ક્રાંતિકારી પહેલ હાથ ધરવામાં આવી છે. આ નવી રેશન વિતરણ પ્રણાલીમાં લાભાર્થીના મોબાઈલ ફોનમાં રિઝર્વ બેંક દ્વારા એક ડિજિટલ વોલેટ બનાવવામાં

આવે છે, જેમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા દર મહિનાની પહેલી તારીખે અનાજ માટેની ડિજિટલ કુપન્સ જમા થઈ જાય છે.

લાભાર્થી જ્યારે સસ્તા અનાજની દુકાને જાય છે, ત્યારે તેણે માત્ર દુકાનદારનો **QR** કોડ સ્કેન કરવાનો રહે છે અને તેની કુપન રિડીમ થઈ જાય છે.

---

## PATAN RIVER FRONT

સિદ્ધપુરના ધારાસભ્ય અને પૂર્વ ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા સરસ્વતી નદી પરના રિવરફ્રન્ટ ફેઝ વનનું કામ પૂર્ણ થયું છે. જેમાં બારે મહિના પાણી રહે છે. તેમજ **19** કરોડના ખર્ચે ફેઝ ટુ નું કામ ટૂંક સમયમાં શરૂ થશે. જેમાં મુક્તિધામથી રેલવે બ્રિજ સુધી રિવરફ્રન્ટની કામગીરી થશે, ત્યાં પણ પાણી ભરાયેલું રહેશે.

તેમણે સિદ્ધપુર હાઇવે પર નિર્માણ થનાર એલિવેટેડ બ્રિજ વિશેની પણ માહિતી આપી હતી. પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકા સિનિયર સિટિઝન સંગઠન દ્વારા યોજાયેલા સ્નેહ મિલન અને જન્મદિવસ ઉજવણીનો કાર્યક્રમ આ અંગેની માહિતી આપી હતી.

---

## RAJKOT ROJGAR MELO

"પ્રિ-વાઈબ્રન્ટ સમિટ એક્ટિવીટી અંતર્ગત “ક્લસ્ટર રોજગાર ભરતી મેળા"નો મંત્રી કુંવરજી બાવળીયાએ પ્રાંરભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રી બાવળીયાએ

જણાવ્યું કે, રાજ્ય સરકાર યુવાનો-મહિલાઓને રોજગારી મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે.

આગામી દિવસોમાં રાજકોટ ખાતે યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ થકી અનેક નવી રોજગાર અને વિકાસની તકો યુવાનોને મહિલાઓને પ્રાપ્ત થશે.

---

## WEATEHR

હવામાન વિભાગ આજથી ત્રણ દિવસ દરમિયાન તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે, જેના કારણે ઠંડીનું પ્રમાણ થોડું ઘટશે અને લોકોને રાહત મળશે.

સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા થોડું વધારે હોવા છતાં રાત્રિના સમયે ઠંડી યથાવત રહેશે. પવનની દિશામાં ફેરફાર થવાથી તાપમાનમાં આગળ પણ ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે.

આગામી 9 જાન્યુઆરી સુધી સમગ્ર રાજ્યમાં વરસાદની કોઈ શક્યતા નથી, અને વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ જણાવ્યું હતું.

### બાઇટ- પ્રદિપ શર્મા, હવામાન વૈજ્ઞાનિક

---

# RASTRA GATHA

ઉપલેટા તાલુકાના પ્રાંસલા ખાતે આયોજિત 26મી રાષ્ટ્રકથામાં ગઇકાલે શિક્ષણમંત્રી ડૉ.પ્રદ્યુમ્ન વાજા ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે બોલતા મંત્રીએ જણાવ્યું કે, ચંદ્રયાન મિશન સફળ થયું ત્યારે માત્ર ટેકનિકલ સિદ્ધિની સાથે સાથે શિસ્તબદ્ધતાએ પણ અગત્યની ભૂમિકા ભજવી હતી. શિક્ષકો માત્ર અભ્યાસક્રમ નથી ભણાવતા પરંતુ બાળકોના ચરિત્રનું ઘડતર પણ કરે છે. વિવિધતામાં એકતાએ આપણી શક્તિ છે.

---

# SAYLA FOREST NIL GAY

સાયલા રેન્જ વન વિભાગ દ્વારા નીલગાયનો શિકાર કરતાં બે આરોપીને ઝડપી લેવાયા છે.

ફોરેસ્ટ ઓફિસર સાગર મકવાણાને નીલગાયનો શિકાર થતો હોવાની ગુપ્ત માહિતી મળતા આધારે સાયલા રેન્જના વનપાલ , વનરક્ષકો અને ક્ષેત્રીય સ્ટાફ સહિતની ટીમે રેડ કરી હતી. જે દરમિયાન પાંચ ઇસમો નીલગાયના માસનું કટીંગ કરતા જોવા મળ્યા હતા . વન વિભાગની ટીમને જોઈ ભાગી છૂટેલા 5 માંથી બે શખ્સોને ઝડપી પાડ્યા હતા.

પ્રાથમિક તપાસમાં આ શખ્સોએ નીલગાયનો શિકાર કરી તેનું વેચાણ કરતાં હોવાની કબૂલાત કરી હતી. તપાસનીશ અધિકારી ગુન્હો નોંધી સ્થળ પરથી તમામ મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અને પકડાયેલા બંને આરોપીઓને સાયલા જ્યુડિશિયલ

મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા.  કોર્ટે બંને આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

---

## JUNAGADH GIRNAR AROHAN AVROSHAN COMPITION

જૂનાગઢમાં આજે ગિરનાર પર્વત ઉપર 40મી રાજ્યકક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાઈ રહી છે. અત્યારે સવારે સાત કલાકે સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી અને જિલ્લા પ્રભારી ડોક્ટર પ્રદ્યુમન વાજાએ આ સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો. ત્યારે સિનિયર અને જુનિયર ભાઈઓ મળી 791 અને 324 બહેનોએ ગિરનાર સર કરવા માટે દોટ મૂકી હતી.

ભાઈઓ માટે અંબાજી શિખર સુધીના 5 હજાર 500 પગથિયા અને બહેનો માટે માલી પરબ શિખર સુધીના બે હજાર  200 પગથિયાનુ લક્ષ્યાંક રાખવામાં આવતું હોય છે, સાહસ અને શૌર્યથી ભરપૂર આ સ્પર્ધા પૂર્ણ થયા બાદ બપોરે એક કલાકે વિજેતાઓ માટે ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

---

## PORBANDAR SWIMMING

પોરબંદરની શ્રી રામ સ્વીમિંગ કલબ દ્વારા દર  નેશનલ લેવલની સી સ્વીમિંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં  ગઇકાલે એક કિલોમીટર જનરલ અને પેરા સ્પર્ધકોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં 16 રાજ્યોના 900 જેટલા સ્પર્ધકોએ સમુદ્રમાં ઝંપલાવ્યું હતું.

**આ સ્પર્ધા સાથે સાથે પોરબંદરમાં સૌપ્રથમ વખત પોરબંદર ટ્રાયથોલોન 2026 સ્પર્ધા યોજાઈ હતી જેમાં પણ ત્રણ કેગેટરીમાં 113 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.**

**આ સ્પર્ધામાં કેબિનેટમંત્રી અર્જુન મોઢવાડીયા, પોરબંદર જિલ્લા પોલીસવડા ભગિરથસિંહ જાડેજા, કોસ્ટગાર્ડ અને નેવીના ઉચ્ચ અધિકારી સહિતના ખાસ જોડાયા હતા.**

---